SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA
NAAC Re-Accreditation CGPA 3.25 GRADE – 'A'
Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804

# પરિપત્ર

બી.એડ્.અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયાનો અંતિમ ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.

(૧) યુનિવર્સિટી દ્વારા કોલેજવાઇઝ ખાલી રહેલ સીટોની માહીતી તા.૦૭/૧૧/૨૦૨૦ યુનિવર્સિટી વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) જે વિદ્યાર્થીઓએ અગાઉ પ્રવેશ ફોર્મ ભર્યા નથી તેવા વિદ્યાર્થીઓએ તારીખ ૭/૧૧/૨૦૨૦ સવારે ૧૧:૦૦ કલાક થી તારીખ ૦૯/૧૧/૨૦૨૦ સાંજે ૪:૦૦ કલાક સુધીમાં ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરીને સંબંધકર્તા કોલેજને જમા કરાવવાના રહેશે.

(૩) જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ ફોર્મ ભરેલ હોય તથા અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે નહી.

(૪) જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજના આચાર્યશ્રી પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી જે તે કોલેજના આચાર્યશ્રીની પ્રવેશ ફોર્મ પર ભલામણ કરી આચાર્યશ્રીના સહી-સિક્કા કરાવી યુનિવર્સિટીમાં એકેડેમિક વિભાગ રૂમ નં ૧૧૭ માં તારીખ ૯/૧૧/૨૦૨૦ સાંજના ૪:૦૦ કલાક સુધી અરજી આપવાની રહેશે. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા અગાઉની કોલેજમાંથી વિદ્યાર્થીનો પ્રવેશ રદ્દ કરાવવામાં આવશે અને અન્ય કોલેજમાં પ્રવેશ મેળવી શકશે.

(૫) કોલેજ દ્વારા મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ ફાળવેલ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓનું લિસ્ટ કોલેજના લેટર હેડ ઉપર આચાર્યશ્રીના સહી સિક્કા કરાવી તારીખ ૧૧/૧૧/૨૦૨૦ બપોરના ૨:૦૦ કલાક સુધીમાં એકેડેમિક વિભાગ રૂમ નં ૧૧૭ માં જમા કરાવવાના રહેશે.

(૬) વિદ્યાર્થીઓએ ફોર્મની પ્રિન્ટ તથા તમામ દસ્તાવેજો સાથે જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજમાં Eligibility ની ચકાસણી કરાવવાની રહેશે.

(૭) કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં કોલેજ દ્વારા વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહી-સિક્કા કરવાના રહેશે.અને જે તે કોલેજે આવા વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મનું લિસ્ટ સહિતની માહીતી કોલેજના લેટર હેડ પર સહી-સિક્કા સાથે તારીખ ૧૧/૧૧/૨૦૨૦ બપોરના ૨:૦૦ કલાક સુધીમાં એકેડેમિક વિભાગ રૂમ નં ૧૧૭ માં જમા કરાવવાના રહેશે.

નંબર:ડી/બી.એડ્./ ૩૧૯૫

વલ્લભ વિદ્યાનગર

૦૭/૧૧/૨૦૨૦

કા.કુલસચિવ